# રાજયમાં ભૂકંપ : આફતનો વધુ એક આંચકો



## ભચાઉ પાસે કેન્દ્રબિંદુ, ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ : અમદાવાદમાં લોકો ફ્લેટમાંથી બહાર નીચે દોડી આવ્યા, કોરોના સંકટમાં નવી આફત : મુખ્યમંત્રીએ ભૂકંપની સમીક્ષા કરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સહિત રાજ્યના કેટલાંક શહેરો અને વિસ્તારોમાં રવિવારે રાત્રે સવા આઠના સુમારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અમદાવાદ સહિત રાજકોટ અને અંજારમાંથી મળતા અહેવાલો પ્રમાણે ભૂકંપના આંચકાને કારણે લોકો ઘરની બહાર ધસી આવ્યા હતા. નવા ગાંધીનગર અને અમદાવાદમાં ગોતા સહિતના વિસ્તારોમાં કેટલાક ફ્લેટોમાંથી લોકો ઘર નીચે દોડી આવ્યા હતા. કોરોના સંકટમાં આવેલી નવી આફતથી લોકો અત્યંત હાંફળાફાંફળા બની ગયા હતા. પ્રાથમિક અહેવાલો પ્રમાણે ભૂકંપની તીવ્રતા ૫.૮ની હતી. અમદાવાદમાં વસ્ત્રાપુર, થલતેજ, પાલડી, ગોતા, સેટેલાઈટ સહિતના વિસ્તારોમાં સાંજે ઘરમાં બેઠા હતા ત્યારે જ આંચકો અનુભવાયો હતો. કેટલાક લોકો પહેલાં શું થયું તે સમજી શક્યા નહોતા પણ આ સમાચાર વાયુવેગે સોશિયલ મીડિયામાં ફેલાઈ ગયા હતા. તે પછી વિવિધ વિસ્તારોમાં આંચકો અનુભવાયો હોવાનું બહાર આવ્યું હતું. અહેવાલો પ્રમાણે રાજકોટથી ૧૧૮ કિમી દૂર ભચાઉ એરિયામાં નોર્થનોર્થવેસ્ટમાં ૧૦ કિમી નીચે આંચકાનું કેન્દ્રબિંદુ હતું. ભચાઉ સામખિયાળી વચ્ચે વાંઢ પાસે સ્ટેટ હાઈવે પાસે ભૂકંપનું કેન્દ્રસ્થાન હોવાનું કહેવાય છે. સિસ્મોગ્રાફ પર નોંધાયેલા સમય પ્રમાણે રાત્રે ૮. ૧૩ કલાક અને આઠમી સેકન્ડે આ આંચકો અનુભવાયો હતો. જુનાગઢમાં પણ આંચકા આવ્યા હતા. રિપોર્ટ પ્રમાણે કેટલીક ઈમારતોમાં તિરાડો પણ પડી ગઈ છે. ભૂકંપ આવ્યા બાદ લોકોમાં એક તરફ ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. એક તરફ કોરોના માહામારી ચાલી રહી છે. ત્યારે ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભારે ડરનો માહોલ સજાર્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૧૮ કિમી દૂર ભચાઉ એરિયામાં નોંધાયુ હતું. ત્યારે લોકોને અફવાઓથી દુર રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. મોડીરાત્રે રાજ્યના મુખ્યમંત્રીએ વિજયભાઈ રૂપાણીએ રાજકોટ, કચ્છ અને પાટણ કલેક્ટર સાથે ટેલીફોન પર વાતચીત કરી સ્થિતિની જાણકારી મેળવી હતી. રાજ્યના કોઈપણ વિસ્તારમાંથી જાનહાની થયા હોવાના અહેવાલ નથી. જોકે કેટલાક વિસ્તારમાંથી મકાનોમાં તિરાડ પડી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. સમગ્ર રાજ્યમાં ભયનો માહોલ સર્જાયો હતો.

**વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...**


પાટનગરનું પોતાનું અખબાર

સાવચેત રહો સુરક્ષિત રહો

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૬ | ૧૫ જુન, ૨૦૨૦, સોમવાર; જેઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોના ચરમસીમાએ : ૧૨ હજાર નવા કેસ

## કુલ પોઝિટિવ કેસો ૩.૨૦ લાખને પાર : છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૧ના મોત : કુલ મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ : દિલ્હીમાં તમામ મલ્ટીસ્પેશ્યાલિટી નર્સિંગ હોમને કોવિડ-૧૯ નર્સિંગ હોસ્પિટલ જાહેર કરાઇ

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના મહામારીએ બીજા તહક્કાના લોકલ ટ્રાન્મિશન બાદ હવે જાણે કે ત્રીજા તબક્કાના કોમ્યુનિટી ટ્રાન્મિશનની વાટ પકડી હોય તેમ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે સત્તાવાળાઓ હજુ પણ કોમ્યુનિટી ટ્રાન્મિશનના ખતરનાક તબક્કાનો સતત ઈકાર કરી રહ્યાં છે. તો આજે રવિવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ દરમ્યાન કોરોના વાયરસના કેસમાં રેકોર્ડ વધારારૂપે ૧૨,૦૩૧ કેસો બહાર આવ્યાં હતા. અને ૩૧૧ લોકોના મોત નોંધાયા હતા. તે સાથે કુલ મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ હતી. તે સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩ લાખ ૨૧ હજાર ૬૨૬ થઈ ગઈ છે. શનિવારે એક દિવસમાં સૌથી વધારે ૧૨ હજાર ૩૧ નવા કેસ આવ્યા હતા. બીજી બાજુ દિલ્હીમાં કોરોનાના સતત વધી રહેલા કેસને જોતા સરકારે ૧૦થી ૪૯ બેડની ક્ષમતાવાળી તમામ મલ્ટીસ્પેશ્યાલિટી નર્સિંગ હોમને કોવિડ-૧૯ નર્સિંગ હોસ્પિટલ જાહેર કરી છે. સરકારના જણાવ્યા પ્રમાણે આ નર્સિંગ હોમે ૩ દિવસની અંદર કોરોનાના દર્દીને દાખલ કરવા પોતાને તબીબી સુવિધાથી સજ્જ કરવાની રહેશે. આદેશનું પાલન નહીં કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દરમ્યાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીઓ સાથે ફરીથી વિડિયો બેઠક યોજવાના છે ત્યારે તેમાં વધતાં કેસોના સંદર્ભમાં કડક પગલા અંગે ચર્ચા થઈ શકે તેમ છે.

બીજી બાજુ દિલ્હીમાં કોરોનાની સ્થિતિ અંગે ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્યમંત્રી અરવિંદ

● અનુસંધાન પાન-૭ પર

## આજે અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર ભારત આવશે

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોનાથી જંગથી મદદ માટે અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર સોમવારે ભારત પહોંચશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વચન બાદ આ વેન્ટિલેટરોનું બેસબ્રીથી રાહ થઈ ગયુ હતુ. ઉચ્ચ તકનીકી વાળા આ વેન્ટિલેટરોને અમેરિકી ફર્મ જોલે બનાવ્યુ છે અને શિકાગોથી ભારત મોકલવામાં આવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યુ કે પહેલા જથ્થામાં ૧૦૦ વેન્ટિલેટર એક ઈન્ડિયાના વિમાનથી ભારત પહોંચશે. અહીં આવ્યા બાદ આઈઆરસીએસમાં એક નાનુ ઉદ્ઘાટન સમારોહ હશે.

જે બાદ વેન્ટિલેટર હોસ્ટિપલમાં વહેંચવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે ૧૬ મે એ ટ્વીટર લખ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૯૨૯૧૯૩ | ૪૩૩૭૫૬ | ૪૦૫૭૮૩ |
| ભારત | ૩૩૧૯૬૫ | ૯૪૮૮ | ૧૬૮૬૮૭ |
| ગુજરાત | ૨૩૫૯૦ | ૧૪૭૮ | ૧૬૩૩૩ |
| ગાંધીનગર | ૪૮૧ | ૨૩ | ૨૮૦ |

# અભિનેતા સુશાંતસિંહનો આપઘાત

## મુંબઈના ફ્લેટમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી : પોસ્ટમોર્ટમ રિપોર્ટનો ઇંતજાર : ડિપ્રેશનમાં હોવાનું પ્રાથમિક તારણ : ક્રાઈમ બ્રાંચની ટીમ પહોંચી

શ્રીનગર, તા. ૮

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે હવે આ દુનિયાને અલવિદા કહી દીધી છે. તેણે મુંબઈના તેના ફ્લેટમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી. તેના સેવકે આ અંગે પોલીસને જાણ કરી હતી. સુશાંતે આત્મહત્યા કેમ કરી તે અંગેની માહિતી હજુ સુધી બહાર આવી નથી. જોકે સુશાંતના મિત્રોએ પોલીસને જણાવ્યું છે કે તે છેલ્લા ૬ મહિનાથી ડિપ્રેશનમાં હતો અને સમયસર દવાઓ લેતો ન હતો. પોલીસને સુશાંતના ઘરેથી હતાશાની સારવાર માટે ફાઈલ મળી છે. પોલીસે સુશાંતનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે લઈ લીધો છે. સુશાંત સિંહની બહેન હોસ્પિટલ પહોંચી છે. સુશાંતસિંહ રાજપૂતનાં દસ્તાવેજોમાં નામના તફાવતને કારણે તેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ મોડું થઈ શકે છે. સુશાંતસિંહ રાજપૂતને નાણાકીય મુશ્કેલીઓનો

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦થી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા. જેમાં ભારત, જાપાન, ચીલી, કેલીફોર્નિયા, હવાલીનો સમાવેશ થાય છે.
- ભારતમાં કોરોના રિકવરીનો રેટ ૫૦.૬૦ થયો.
- કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીના તમામ રાજકીય પક્ષોની તાકિદની બેઠક બોલાવી છે.
- અમદાવાદના હાટકેશ્વર વિસ્તારના ભાઈપુરા વોર્ડના ભાજપના કોર્પોરેટર ગયાપ્રસાદ કનોજીયાનું કોરોનાથી અવસાન.
- પેટ્રોલમાં ૬૨ પૈસા અને ડીઝલમાં ૬૪ પૈસાનો વધારો
- તેલંગાણામાં અંતિમ સંસ્કારમાં હાજર રહેનાર ૧૯ લોકો કોરોના પોઝિટિવ
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૦૭૯૫૮ |
| તામીલનાડુ | ૪૪૬૬૧ |
| દિલ્હી | ૪૧૧૮૨ |
| ગુજરાત | ૨૩૫૯૦ |
| ઉત્તરપ્રદેશ | ૧૩૧૧૮ |
| રાજસ્થાન | ૧૨૫૩૨ |

# રાહ જુઓ, પીઓકેમાંથી જ ભારત સાથે રહેવાની માંગ ઉઠશે : રાજનાથ સિંહ

## રક્ષામંત્રીએ ભાજપની વર્ચ્યુઅલ જમ્મૂ સમૂહ સંવાદ રેલીને સંબોધિ : ચીન સાથેનો સરહદ વાતચીત દ્વારા ઉકેલાશે, રાફેલ લડાકુ વિમાન વાયુસેનામાં જોડાતા જ તાકાતમાં વધારો થશે




ન્યુ દિલ્હી,તા.૧૪

કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે પહેલા કાશ્મીરમાં પાકિસ્તાન અને આઈએસઆઈએસના ઝંડા લાગતા હતા પરંતુ હવે ત્રિરંગો લહેરાય છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની વર્ચુઅલ જમ્મુ સમૂહ સંવાદ રેલીને સંબોધિત કરતા રાજનાથસિંહે કહ્યું કે અગાઉ કાશ્મીરમાં 'આઝાદી'ના નારા લગાવતા હતા. આર્ટિકલ ૩૭૦નો ઉલ્લેખ કરતા રાજનાથસિંહે કહ્યું કે હવે કાશ્મીર ખીણમાં ફક્ત ત્રિરંગો જ દેખાય છે. સિંહે વધુમાં કહ્યું કે અગાઉ કાશ્મીરમાં 'કાશ્મીરની આઝાદી'ની માંગને લઈ દેખાવો થતા હતા. પાકિસ્તાન અને આઈએસઆઈએસના ધ્વજ દેખાતા હતા પરંતુ હવે ફક્ત ત્રિરંગો જ દેખાય છે. તેમણે વર્ષ ૧૯૪૭ માં કાશ્મીર ઘાટીમાં ત્રિરંગો લહેરાવનાર મોહમ્મદ મકબુલ શેરવાનીને પણ યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ આપી.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદી ૨૮એ મન કી બાત થકી દેશને સંબોધશે

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશ કોરોના વાયરસના સંકટથી પસાર થઈ રહ્યો છે. કોરોના વાયરસને રોકવા માટે લોકડાઉન કરવામાં આવ્યું પણ હજુ કોરોના વાયરસ રોકાવાનું નામ નથી લેતો, જૂન મહિનાની શરૂઆતથી જ કોરોના વાયરસ રેકોર્ડ તોડી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જૂને મન કી બાતના માધ્યમથી દેશને સંબોધિત કરશે.

રવિવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું આ મહીને મન કી બાત ૨૮મી તારીખે થશે. પણ આ ટ્વીટની સાથે તેમણે દેશના નાગરિકોને એક અપીલ પણ કરી.

## પૂંછ સેક્ટરમાં પાકિસ્તાનના ગોળીબારમાં ૧ જવાન શહિદ

શ્રીનગર,તા.૧૪

જમ્મુ-કાશ્મીરના પુંછ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી સવારથી જ ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ફાયરિંગમાં એક જવાન શહીદ ઈ ગયો છે જ્યારે બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલ જવાનોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનું સતત ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી સવારથી જ પુંછ જિલ્લાના કિરની સેક્ટરના શાહપુરની પાસે નિયંત્રણ રેખા પર ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી ચાલુ ફાયરિંગની ઝપટમાં આવવાથી એક જવાન શહીદ થઈ ગયો છે, જયારે બે ગંભીર રીતે ઘાયલ થયા છે.


અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા




₹28*/ 500mL

અમૂલ ગોલ્ડ

Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055 / 56 / 57


# દિલ્હીને ૫૦૦ રેલ્વે કોચ અપાશે : અમિત શાહ

## બે દિવસમાં કોરોના ટેસ્ટિંગ વધારીને બમણાં કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના વાયરસ સંક્રમણના જે ઝડપથી દિલ્હીમાં કેસ વધી રહ્યા છે તે અંગેની ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથે હાલાત પર ચર્ચા કરવા માટે આજે બેઠક કરી. બેઠકમાં દિલ્હીમાં વૈશ્વિક મહામારીને પહોંચી વળવા, હોસ્પિટલોમાં બેડની ઉપલબ્ધતા, તપાસની સુવિધાઓ અને સ્વાસ્થ્ય સંબંધી અન્ય માળખાગત સુવિધાઓમાં સુધાર પર ચર્ચા થઈ. બેઠકમાં દિલ્હીની જનતાની સુરક્ષા અને સંક્રમણને રોકવા માટે લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયોની જાણકારી ગૃહ મંત્રી અમિત શાહે ટ્વિટ કરીને આપી. તેમણે બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે અનેક ટ્વિટ કર્યા.

- દિલ્હીમાં કોરોનાથી સંક્રમિત દર્દીઓ માટે બેડની અછતને જોતા કેન્દ્રની મોદી સરકારે તરત ૫૦૦ રેલવે કોચ

● અનુસંધાન પાન-૭ પર

